# મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

## મહીસાગરમાં મંગળવારે ૧૯૫ પોઝિટિવ કેસ જિલ્લામાં કોરોનાના કુલ ૪૯૯૫ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.



મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૨૨ સ્ત્રી, ૨૮ પુરૂષ, કડાણા તાલુકાની ૦૭ સ્ત્રી, ૦૫ પુરૂષ, ખાનપુર તાલુકાની ૧૧ સ્ત્રી, ૧૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૧૯ સ્ત્રી, ૨૬ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૧૮ સ્ત્રી, ૧૭ પુરૂષ અને વિરપુર તાલુકાની ૧૪ સ્ત્રી, ૧૫ પુરૂષના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૪-૦૫-૨૦૨૧ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૪૯૯૫ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લાતમાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૯ સ્ત્રી અને ૦૮ પુરૂષ, કડાણા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૭ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૨ સ્ત્રીડ અને ૦૬ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, ૧૬ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૭ સ્ત્રી, ૧૩ પુરૂષ અને વિરપુર તાલુકાની ૦૨ સ્ત્રી અને ૦૫ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે.

આમ, જિલ્લાંમાં અત્યાર સુધીમાં કુલ ૩૫૪૭ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૦ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૪૩ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૬૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/કોરોનાના કુલ ૨૦૮૦૫૭ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૩૧ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૧૦૦૦ દર્દી હોમ આઈસોલેશન, ૫૪ દર્દી એસ.ડી.એચ.સંતરામપુર, ૬૫ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૨૩૫ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ મહીસાગર ખાતે સારવાર હેઠળ છે.

કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૨૦૧ દર્દીઓ સ્ટેબલ અને ૧૭૨ દર્દીઓ ઓકિસજન પર અને ૧૨ વેન્ટીલેટર પર છે.

### મહીસાગરમાં કોરોનાના કેસની સંખ્યા

બાલાસીનોર-૫૦
કડાણા-૧૨
ખાનપુર-૨૪
લુણાવાડા-૪૫
સંતરામપુર-૩૫
વિરપુર-૨૯

## સંતરામપુર કોવિડ હોસ્પિટલ માંથી ૨૬ દર્દીઓને આજે રજા અપાઈ

સંતરામપુર,
બે દિવસમાં સંતરામપુર કોવિડ હોસ્પિટલમાં ૨૬ દર્દીઓને રજા આપવામાં આવી હોસ્પિટલમાં કુલ ૮૪ દર્દીઓમાંથી ૨૬ દર્દીઓએ કોરાનાને હરાવીને ૨૬ દર્દીઓ સાજા થઈને પોતાના ઘરે પરત ફર્યા હતા. સંતરામપુર અને કડાણા તાલુકાના દર્દીઓ સંતરામપુરની હોસ્પિટલમાં કોરોના ની સારવાર લઈ રહ્યા હતા. સંતરામપુરમાં હજુ પણ કોરોના સંક્રમણ સતત વધારો થઈ રહ્યો છે, પણ સંતરામપુર નગરના કોવિડ હોસ્પિટલ માં સુપ્રિટેન્ડન્ટ આરોગ્ય ટીમ દ્વારા સતત પોતાની ફરજ નિભાવી રહ્યા છે અને ૨૪ કલાક ઓકિસજન અને પૂરતું દર્દીઓ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. સતત તેમની સેવાઓ કરવામાં આવી સમયસર સારવાર ઓકિસજન અને દર્દીઓને પૂરતું ધ્યાન રાખવામાં આવે છે. બે દિવસમાં સંતરામપુર ની કોવિડ હોસ્પિટલમાંથી એક પણ રૂપિયા ખર્ચ કર્યા વગર ૨૪ દર્દીઓ આજે સાજા થઈને ઘરે પરત ફર્યા હતા.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

## દેશમાં રસીકરણ? સીરમ ઈન્સ્ટીટ્યુટને ભારતની વસ્તીની માત્ર ૪% વેક્સીનનો ઓર્ડર

ન્યુ દિલ્હી,
ભારતમાં કોરોના વાયરસની બીજી લહેરનો પ્રકોપ ચાલુ છે. રોજ સાડા ત્રણ લાખથી વધુ કોવિડ-૧૯ના નવા દર્દી સામે આવી રહ્યા છે. કોરોનાના પ્રકોપને રોકવા માટે સરકારે ૧ મેથી ૧૮+ વાળાને પણ વેક્સીનેટ કરવાનુ અભિયાન ચલાવ્યુ છે. પરંતુ ભારતમાં હાલમાં વેક્સીનની કમી થઈ રહી છે. ઘણા રાજયોમાં વેક્સીનેશન અભિયાન વેક્સીનની કમીના કારણે બંધ કરવામાં આવ્યુ છે. વેક્સીન પ્રોડક્શન સાથે જોડાયેલ એક જાણકાર વ્યક્તિએ દાવો કર્યો છે કે નરેન્દ્ર મોદીની આગેવાનીવાળી કેન્દ્ર સરકારે ગયા વર્ષે ડિસેમ્બરથી લઈને અત્યાર સુધી માત્ર ૧૧૦ મિલિયન એટલે કે ૧૧ કરોડ વેક્સીન ડોઝ માટે જ સીરમ ઈન્સ્ટીટ્યુટ ઑફ ઈન્ડિયા(એસઆઈઆઈ)ને ઑર્ડર આપ્યો છે. આ સંખ્યા ભારતની કુલ વસ્તીના માત્ર ૪ ટકા જ છે. તો એવામાં સૌથી મોટો સવાલ એ થાય છે કે શું દેશનુ રસીકરણ આ ગતિએ થશે?




સીરમ ઈન્સ્ટીટ્યુટ ઑફ ઈન્ડિયા ભારતમાં કોવિશીલ્ડ વેક્સીન બનાવી રહી છે. સીરમ ઈન્સ્ટીટ્યુટ ઑફ ઈન્ડિયા વિશ્વની સૌથી મોટી ફાર્મા કંપનીઓમાંની એક છે. દેશમાં હાલમાં રાજ્ય સરકારોને વેક્સીન નથી મળી રહી. ઘણા રાજ્યોએ કેન્દ્ર સરકારની આના માટે ટીકા કરી છે.

૧૮+ વાળાને વેક્સીનેશન અભિયાન શરૂ થવાના થોડા દિવસ પહેલાથી કેન્દ્ર અને રાજ્ય સરકારો બંને સીરમ ઈન્સ્ટીટ્યુટ ઑફ ઈન્ડિયા પાસે મોટી સંખ્યામાં વેક્સીન ડિમાંડ કરી રહ્યા છે. જો કે સીરમ ઈન્સ્ટીટ્યુટ ઑફ ઈન્ડિયાએ કહ્યુ છે કે વેક્સીન ઉત્પાદનની ક્ષમતાને રાતોરાત વધારી ન શકાય. દુનિયાના સૌથી મોટા વેક્સીન નિર્માતા ફાર્મ કંપનીના સીઈઓ અદાર પૂનાવાલાએ કહ્યુ છે કે છેલ્લા એક મહિનામાં સીરમ ઈન્સ્ટીટ્યુટને તેની ક્ષમતાથી વધુ પ્રોડકશન કરવા માટે કહેવામાં આવી રહ્યુ છે. જો કે અમે એ વાતનુ ધ્યાન રાખ્યુ છે પરંતુ અમે હાલમાં એક મહિનામાં માત્ર ૬૦થી ૭૦ મિલિયન સુધી ડોઝ બનાવવામાં સક્ષમ છે પરંતુ અમારી કોશિશ છે કે જુલાઈમાં અમે તેને ૧૦૦ મિલિયન કરી લઈશુ.

અદાર પૂનાવાલાએ હાલમાં જ એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો કે ભારતમાં વેક્સીનની ડિમાન્ડ માટે તેમને ઘણા પાવરફૂલ લોકોએ ધમકીઓ આપી છે. આના કારણે તેઓ પત્ની અને બાળકો સાથે લંડનમાં શિફ્ટ થઈ ગયા છે. જો કે તેમણે કહ્યુ કે સીરમ ઈન્સ્ટીટ્યુટ વેક્સીન ઉત્પાદનમાં કોઈ કમી નહિ કરવાની કોશિશ કરી રહ્યુ છે.

## એપ્રિલમાં ૭૫ લાખ લોકોની નોકરી ગઈ, ૭.૯૭% પર પહોંચ્યો બેરોજગારી દર

ન્યુ દિલ્હી,
દેશમાં કોરોનાની અસરના કારણે સ્થાનિક સ્તરે લોકડાઉન લગાવવામાં આવી રહ્યું છે. તેની અસર રોજગાર પર ખરાબ પડી રહી છે. સ્થાનિક લોકડાઉનના કારણે એપ્રિલમાં ૭૫ લાખ લોકોની નોકરી છુટી ગઈ છે. જ્યારે બેરોજગારી દર પણ ચાર મહીનના ઉચ્ચસ્તરને પાર કરતા ૮ ટકાની નજીક પહોંચી ગયો છે. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમિ(CMIE)એ આ વાત કહી છે.

CMIEના મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ મહેશ વ્યાસનું કહેવું છે કે રોજગારના મોરચે સ્થિતિ આગળ પણ પડકારજનક રહે તેવી શકયતા છે. તેમણે કહ્યું કે માર્ચની સરખામણીમાં એપ્રિલમાં ૭૫ લાખ લોકોની નોકરીઓ ગઈ છે. તેના કારણે બેરોજગારી દરમાં વધારો થયો છે. સેન્ટરના પ્રારંભિક ડેટા મુજબ એપ્રિલમાં રાષ્ટ્રીય બેરોજગારી દર ૭.૯૭ ટકા રહ્યો છે. શહેરના ક્ષેત્રમાં બેરોજગારી દર ૯.૭૮ ટકા અને ગ્રામીણ ક્ષેત્રમાં ૭.૧૩ ટકા રહ્યો છે. માર્ચમાં રાષ્ટ્રીય બેરોજગારી દર ૬.૫૦ ટકા રહ્યો હતો. શહેર અને ગ્રામીણ ક્ષેત્રમાં પણ બેરોજગારી દર નીચા હતા.

વ્યાસનું કહેવું છે કે કોવિડની બીજી લહેરના કારણે સ્થાનિક સ્તરે નાના-નાના લોકડાઉન લગાવવામાં આવી રહ્યાં છે. આ દરમિયાન માત્ર આવશ્યક ગતિવિધિઓના સંચાલનની મંજૂરી છે. તેના કારણે મોટા સ્તરે આર્થિક ગતિવિધિઓ ધીમી પડી રહી છે. તેની અસર નોકરીઓ પર પડી રહી છે. વ્યાસે કહ્યું હું નથી જાણતો કે કોવિડની બીજી લહેરનો પીક ક્યારે આવશે, જોકે તેના કારણે રોજગાર પર સર્જાનારો તણાવ હું જોઈ શકુ છું.

બેરોજગારી દર વધુ રહેવા પર વ્યાસે કહ્યું કે તેનાથી લેબરની ભાગીદારીમાં પણ ઘટાડો આવશે. તેમણે કહ્યું કે ખરાબ સ્થિતિમાં લેબર ભાગીદારી અને નોકરીઓ બંને પર અસર પડશે. જોકે વ્યાસે કહ્યું કે હાલ સ્થિતિ પહેલા લોકડાઉન જેવી ખરાબ થઈ નથી. ગત વર્ષે લગાવવામાં આવેલા લોકડાઉનમાં બેરોજગારી દર ૨૪ ટકા સુધી પહોંચી ગયો હતો.

## ગોધરાના જુનીધરી વિસ્તારમાં એરટેલ કંપનીનો નેટવર્ક શરૂ થતાં ગ્રામજનોની મુશ્કેલીઓનો અંત

ગોધરા,
ગોધરા તાલુકાના જુનીધરી વિસ્તારમાં વર્ષોથી મોબાઈલ નેટવર્કની સમસ્યા હતી ગામમાં કોઈપણ કંપનીનુ નેટવર્ક આવતુ ન હતુ જેના કારણે ગામલોકોને કોલ કરવામાં આવે ઈન્ટરનેટ વાપરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. આજે દરેક ક્ષેત્રે આપડે આગળ વધી રહ્યા છીએ ત્યારે ગામમાં નેટવર્ક ન હોવાથી કોરોના કાળમાં બાળકોના ઓનલાઈન શિક્ષણમાં મોટી અસર પડી રહી હતી. આ ઉપરાંત ઈમરજન્સીમાં એમ્બ્યુલન્સને કોલ કરવા માટે પણ મુશ્કેલીનો સામનો લોકો કરી રહ્યા હતા. જેના સંદર્ભમાં થોડા સમય અગાઉ અહેવાલો પ્રસિદ્ધ કરાતા ગામમાં એરટેલ કંપની દ્વારા મોબાઈલ નેટવર્ક શરૂ કરતા ગામલોકોની મુશ્કેલીનો અંત આવ્યો છે અને ગામમાં ખુશીનો માહોલ સર્જાયો છે.

## વિરપુર તાલુકાના કુંભરવાડી ગામે અમૃતપેય ઉકાળાનું વિતરણ કરાયું

લુણાવાડા,
વિશ્વવ્યાપી મહામારી કોરોના વાયરસ, કોવિડ-૧૯ના સંક્રમણ સામેનો જંગ ગુજરાતમાં નાગરિકોની રોગપ્રતિકારક શક્તિ વધારીને જીતવા મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ આરોગ્ય વિભાગ અને આયુષ આયુર્વેદ વિભાગને વ્યાપક ઉપાયો-પગલાં માટે પ્રેરિત કર્યા છે.ત્યારે રોગપ્રતિકારક શક્તિ વધારવામાં આયુર્વેદ દવાઓનો મહત્વપૂર્ણ ફાળો રહેલો છે અને આ દવાઓના અનેક સારા પરિણામો મળ્યા છે તેને પગલે મુખ્યમંત્રીએ કોરોના સંક્રમણની આ બીજી લ્હેરમાં પણ આયુર્વેદ-હોમિયોપેથી ઔષધિઓના ઉપયોગથી કોરોના સામેનો જંગ જીતવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે.

મહિસાગર જિલ્લામાં પણ વધતા કોરોના સંક્રમણને ધ્યાને લઇ કોરોનાની મહામારીની પરિસ્થિતિમાં ગ્રામજનોને કોરોનાવાયરસ ના સંક્રમણથી સુરક્ષિત રાખવા તેમની રોગપ્રતિકારક શકિતમાં વધારો થાય તે માટે જિલ્લા કલેકટર આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી ના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી તથા જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ જિલ્લા તાલુકાના આરોગ્યતંત્રની વિવિધ ટીમો ના આરોગ્ય કર્મીઓ સતત જિલ્લાના ગામે ગામ ફરીને પોતાની મહત્ત્વની ફરજો અદા કરી આયુર્વેદિક ઉકાળા, આયુર્વેદિક ગોળી સંશમનીવટીનું વિતરણ કરવામાં આવી રહયું છે. ત્યારે વિરપુર તાલુકાના સેવાભાવી અગ્રીણીઓસર્વ જયેન્દ્રભાઇ બારોટ, એસ બી ખાંટ, રાજુભાઈ પટેલ તેમજ ડૉ.બી.જે માલીવાડ તેમની આરોગ્ય ટીમે આયુષ મંત્રાલયના દિશાનિર્દેશો પ્રમાણે વિરપરૂ તાલુકાના કુંભરવાડી ગામે ગ્રામ્યજનોની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય તે માટે તેમજ કોરોનાવાયરસના સંક્રમણથી સુરક્ષિત રહે તે માટે આર્યુવેદિક અમૃતપેય ઉકાળાનું વિતરણ કરી તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે આરોગ્ય તંત્રના અધિકારીઓ અને કર્મયોગીઓ યુદ્ધના ધોરણે કામગીરી કરી કોરોના સંક્રમણ ને નિયંત્રણમાં લેવાના અથાક પ્રયાસો કરી કોરોના વાયરસના સંક્રમણને નિંયત્રણમાં રાખવા સઘન પગલાઓ લેવામાં આવી રહ્યા છે.





કોરોનાની વૈશ્વિક મહામારીમાં લોકોની સેવા માટે વધુ એક ૧૦૮ એમ્બ્યુલન્સને કોટેજ હોસ્પિટલ ના સુપ્રિડેન્ટ ડો. જે. કે. પટેલ દ્વારા લોકોની સેવા માટે પ્રસ્થાન કરવા માં આવી છે. કોરોનાની બીજી લહેરના સંક્રમણને ઘટાડવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે અથાક પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. ૧૦૮ એમ્બ્યુલન્સના પ્રસ્થાન થી કોરોનાના સંજોગો અને કોઈપણ પ્રકારની ઈમરજન્સીના સમયમાં લોકોને તાત્કાલીક સારવાર મળી રહે તે માટે ૧૦૮ એમ્બ્યુલન્સની કામગીરી બહુ સરાહનીય રહી છે. પરંતુ જિલ્લાની જનસંખ્યા, વિસ્તારને ધ્યાને લઈ લોકોને સ્થાનિક કક્ષાએ તાત્કાલીક સારવાર મળી રહે તે માટે વધુ એક ૧૦૮ એમ્બ્યુલન્સને અલગ સ્થળએ રવાના કરવામાં આવી છે. જેનાથી હાલની કોરોનાની સ્થિતિ અને આવનાર સમયમાં કોઈપણ પ્રકારની ઈમરજન્સી ઘટના બને તેવા સંજોગોમાં આ સુવિધા વધુ ઉપયોગી સાબિત થશે અને લોકોને ઝડપથી આરોગ્ય સુવિધાઓ મળશે તેમ તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે કોટેજ હોસ્પિટલ અને ૧૦૮ ના સ્ટાફ સહિત આરોગ્યના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## દવાઈ...ભી... કડાઈ ભી..... મંત્રને અનુસરી કોરોના સામે જીત મેળવતા પટ્ટણ ગામના વિરાભાઈ માછી


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
હાલના કોરોનાના કપરા સમયે લોકોને કોરોનાથી બચાવ માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલ મંત્ર દવાઈ ભી ... કડાઈ ભી.....ને અનુસરીને પટ્ટણ ગામના વિરાભાઈ માછીએ કોરોના સંક્રમણમાંથી મુક્તિ મેળવી છે.

લુણાવાડા કોટેજ સિવિલ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓ ગંભીર હાલતમાં આવે છે અને રાજ્ય સરકારના પ્રોટોકોલ મુજબની શ્રેષ્ઠ સારવાર મેળવીને સાજા થઈ સ્વગૃહે પરત ફરી રહ્યા છે.કોરોના સામે બચાવ અને ત્વરિત સારવારના રાજય સરકારના અભિગમને નાગરિકો સુધી પહોંચાડવા માટે આરોગ્ય વિભાગના કર્મચારીઓની ટીમ ખડેપગે કામ કરી રહી છે. આ બાબતને સમર્થન આપતાં વિરાભાઈ માછી જણાવે છે કે મને ૧૦ દિવસ પહેલા શરદી અને ઉદરસની તકલીફ હતી મે કોટેજ સિવિલ હોસ્પિટલમાં તપાસ કરાવી ત્યારે મને ખબર પડી કે મને તો કોરોના થયો છે. કોરોનાને હરાવવા ડર નહીં, હિંમત અને જાગૃતિ જરૂરી છે. કોરોનાના લક્ષણો કે અન્ય કોઇ પણ આરોગ્યલક્ષી તકલીફ જણાય તો તુરતજ આરોગ્યની સેવાઓ આપતી ટીમનો સંપર્ક કરી યોગ્ય સારવાર કરાવવી જોઇએ. આરોગ્ય વિભાગના સતત માર્ગદર્શન અને દવાઓના નિયમીત સેવન સાથે કોરોનાને હરાવવા સઘન સારવાર સાથે કડક અનુશાસન પણ મહત્વનું હોવાનું જણાવતા તેઓ ઉમેરે છે કે આરોગ્યલક્ષી સારવાર આપતી ડોકટરોની તાત્કાલીક સલાહ, સારવાર અને સોશ્યિલ ડીસ્ટન્સીંગ સાથેના કડક અનુશાસન થકી કોરોનાને મ્હાત આપી છે. તે અંગે સંતોષ વ્યક્ત કરી જણાવ્યું હતું કે સિવિલ હોસ્પિટલના તબીબો રાતદિવસ દર્દીઓ સાજા થાય તે માટે અથાક પરિશ્રમ કરી કોરોનાના દર્દીઓને સ્વસ્થ કરવા ભારે જહેમત ઉઠાવે છે.લુણાવાડા તાલુકાના પટ્ટણ ગામના માછી વિરાભાઈ સ્વસ્થ થઈ રજા મળતા સરકાર દ્વારા કરવામાં આવેલ સારી સ્વાસ્થય વ્યવસ્થા માટે તેમજ સારી સારવાર મળતા સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

## મહિસાગર જીલ્લામાં કોરોના ગાઈડ લાઈનનું ચુસ્ત પાલન કરવા પોલીસને આદેશ

લુણાવાડા,
મહિસાગર જીલ્લા પોલીસવડા દ્વારા હાલ ચાલી રહેલ કોવિડ મહામારીમાં સંક્રમણને અટકાવવાના માટે જાહેર કરવામાં આવેલ કોરોના ગાઈડ લાઈનનું ચુસ્તપણે પાલન કરવા માટે તમામ પોલીસ મથકોને આદેશ કરવામાં આવ્યા.

હાલમાં ચાલી રહેલ કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારીના સંક્રમણને ફેલાતા અટકાવવા માટે કોવિડ-૧૯ની ગાઈડ લાઈન બહાર પાડવામાં આવી છે. ત્યારે મહિસાગર જીલ્લા પોલીસવડા એ જીલ્લામાં કોરોના મહામારીમાં સંક્રમણને અટકાવવા માટે પોલીસ વડા કડક કાર્યવાહી હાથ ધરવા માટે સુચના આપવામાં આવી છે. આ ઉપરાંત જીલ્લામાં માસ્ક વગર ફરતી ૧૭ વ્યકિતઓ પાસેથી ૧૭,૦૦૦/- રૂપીયાનો દંડ વસુલવામાં આવ્યો છે. તેમજ નિયમ ભંગ કરતાં વાહન ચાલકને એમ.વી.એકટ ૨૦૭ મુજબ કાર્યવાહી કરી વાહન ડીટેઈન કરવામાં આવ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૫-૦૫-૨૦૨૧, બુધવાર, ચૈત્ર વદ-૯, સૂર્યોદય-૬-૦૭, સૂર્યાસ્ત-૭-૦૩, જૈન નવકારશી-૭-૧૬, આજની રાશિ : ધન (ધ,ભ,ફ,ઢ ), નક્ષત્રઃ પૂર્વાષાઢા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભચોઘડીયા-
અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૦૫.૦૫.૨૦૨૧ બુધવાર

મેષ (અ,લ,ઈ) : જમીન મકાન વિગેરે સુખ સારું રહે,દિવસ પ્રગતિકારક રહે.
વૃષભ (બ,વ,ઉ) : સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક મળે.
મિથુન (ક,છ,ઘ) : આર્થિક બાબતોમાં મધ્યમ રહે,અન્ય બાબતો માં સારું રહે.
કર્ક (ડ,હ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય. સિંહ
(મ,ટ) : દિવસ દરમિયાન માનસિક વ્યગ્રતા રહે,સાંજ ખુશનુમા વીતે.
કન્યા (પ ,ઠ ,ણ) : આવક કરતા જાવક વધી ના જાય તે જોવું,હિસાબ રાખવો.
તુલા (ર,ત) તમે કરેલા કાર્યના સારા પરિણામ આજે મેળવી શકો,શુભ દિન.
વૃશ્ચિક (ન ,ય) : ધ્યાન યોગ મૌન થી લાભ થાય,આધ્યાત્મિક ચિંતન થાય.
ધન (ધ,ભ,ફ,ઢ ): સાંજ પછી નસીબ સાથ આપતું જણાય,મતભેદ દૂર કરી શકો.
મકર (ખ,જ) : આંતરિક સંબંધોમાં સારું રહે,મનની વાત વ્યક્ત કરી શકો.
કુંભ (ગ ,સ,શ) :હિત શત્રુઓ થી સાવધ રહેવું,વધુ પડતા વિશ્વાસે ના ચાલવું.
મીન (દ,ચ,ઝ,થ): પ્રણય માર્ગે આગળ વધી શકો,ગમતી વ્યક્તિ થી વાતચીત થાય.

# દાહોદ જીલ્લામાં મંગળવારે ૯૭ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા



## જીલ્લામાં ૮ વ્યકિતઓએ કોરોનામાં જીવ ગુમાવ્યા

દાહોદ,
દાહોદ જિલ્લામાં આજે વધુ ૯૭ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૫૫૪૪ને પાર થઈ ગયો છે. આજે વધુ ૦૮ દર્દીઓએ કોરોનાથી પોતાનો જીવ ગુમાવ્યો છે. ત્યારે બીજી તરફ દાહોદ જિલ્લામાં રેપીટ ટેસ્ટની કીટો ખુટી જવાની ભારે બુમો વચ્ચે કોરોના ટેસ્ટ કરાવવા આવતાં દર્દીઓમાં ભારે હાલાકીનો સામનો પણ કરવો પડી રહ્યો છે. ત્યારે બીજી તરફ ટેસ્ટ ઓછા થઈ જતાં કોરોના સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો હોવાનો બુમો ઉઠવા પામી છે.
આર.ટી.પી.સી.આર.ના ૯૪૨ પૈકી ૬૨ અને રેપીટ ટેસ્ટના ૩૯૨ પૈકી ૩૫ મળી આજે ૯૭ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આજે વધુ ૦૮ દર્દીઓએ કોરોનાથી પોતાનો જીવ ગુમાવતાં કુલ મૃત્યુઆંક ૩૮૦ને પાર થઈ ગયો છે. રાહતના સમાચાર એ છે કે, જિલ્લામાં કોરોનાથી સાજા થતાં દર્દીઓની દિન પ્રતિદિન સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. આજે એકસાથે ૧૦૫ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. ત્યારે વધતાં કોરોના કેસોને લઈ એક્ટીવ કેસોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. જિલ્લામાં અત્યાર સુધી કુલ ૮૩૫ લોકો સારવાર હેઠળ છે. દાહોદ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી રેપીટ એન્ટીજન ટેસ્ટની કીટો ખુટી જવાની ભારે ચર્ચાઓ જાગી છે અને ટેસ્ટ કરાવવા આવતાં લોકો ધરમના ધક્કા પણ ખાઈ રહ્યાં છે. ઘણી જગ્યાએ તો આ રેપિટ ટેસ્ટની કીટોની અછતના કારણે ગંભીર દર્દીને રઝળવાનો વારો આવી રહ્યો છે. ત્યારે બીજી તરફ અચાનક કોરોનાના ઘટતા કેસોની ચર્ચાઓ વચ્ચે ક્યાંક ટેસ્ટ ઓછા તો નથી કરી દેવામાં આવ્યાને? જેથી કેસોની સંખ્યામાં પણ ઘટાડો થયો હોવાની ચર્ચાઓ લોકોમાં વહેતી થવા પામી છે.

# દાહોદ જીલ્લામાં કોરોનાના કહેર વચ્ચે ટેસ્ટ કીટની અછત



દાહોદ,
દાહોદ જિલ્લામાં કોરોનાની ગંભીર સ્થિતિ વચ્ચે ટેસ્ટ કીટ અને રસીની તીવ્ર અછત, મારૂ ગામ કોરોના મુક્ત ગામના દાવા પોકળ સાબીત થયા. દાહોદ જિલ્લામાં કોરોનાનું ચિત્ર સારૂં બતાવવાના પ્રયત્નમાં તંત્ર જોતરાયેલુ હોય તેમ લાગી રહ્યુ છે. જિલ્લામાં કોરોના આંક ઘટી ગયો હૌંવાનુ લાગી રહ્યુ છે, પરંતુ જિલ્લામાં ચાર દિવસથી રેપીડ ટેસ્ટની કીટ જ નથી. રસીકરણનું કામ પણ મંથરગતિએ ચાલી રહ્યુ છે. ત્યારે મુખ્યમંત્રી પછી પ્રભારી મંત્રી પણ સબ સલામત જાણીને લટાર મારી ગયા છે ત્યારે આગામી દિવસોમાં આવા ઢાંક પિછોડાના ગંભીર પરિણામો જોવા મળે તો નવાઈ પામવા જેવુ નહી હોય પરંતુ તેના માટેની જવાબદારી જનતાએ નક્કી કરવી રહી.

## રસીના આભાવે રસીકરણ પણ ધીમું પડી ગયુ છે

દાહોદ જિલ્લામાં રસીકરણ મામલે ઘણી ભ્રમણાંઓ પ્રવર્તિ રહી છે. જેથી ઘણાં લોકો રસી મુકાવતા નથી. જિલ્લાને ૧૮ વર્ષથી ઉપરના તમામના રસીકરણમાંથી બાકાત રાખવામાં આવ્યો છે. ત્યારે આજની તારીખે જિલ્લામાં માત્ર છ હજાર વેક્સિન જ ઉપલબ્ધ છે. રેમડેસિવિર ઈન્જેક્શન માટે પણ વલખાં છે. ત્યારે મારૂ ગામ કોરોના મુક્ત ગામના સૂત્રો દાહોદ જિલ્લામાં પોકળ પુરવાર થઈ રહ્યા છે.

## આગામી દિવસો કપરા હોવાના એંધાણ વર્તાઈ રહ્યા છે

દાહોદ જિલ્લામાં કોનોનાએ કાળો કેર વર્તાવ્યો છે અને હજી પણ પરિસ્થિતિ નિયંત્રણમાં નથી. તેમ છતાં જિલ્લા પ્રત્યે જવાબદારો દુર્લક્ષ્ય સેવાઈ રહ્યુ હોવાનું સ્પષ્ટદેખાઈ રહ્યુ છે. કારણ કે પ્રજાને જાણે રામ ભરોસે છોડી દેવામાં આવી હોય તેવી સ્થિતિનું નિર્માણ થયેલુ છે.જેથી આવનાર દિવસોમાં પરિસ્થિતિ વધારે વણસી જાય તેમ લાગી રહ્યુ છે.

## ચાર દિવસથી રેપીડ કીટ ન હોવાથી બુથ પર કાગડા ઉડે છે

દાહોદ જિલ્લામાં કોરોનાની સ્થિતિ બદતર થઈ ચુકી છે. તેવા સમયે છેલ્લા ચાર દિવસથી રેપીડ ટેસ્ટ કીટની તીવ્ર અછત છે.તેને કારણે ટેસ્ટની સંખ્યા પણ ઘટી ગઈ છે. ટેસ્ટીંગ બુથ પર કાગડા ઉડી રહ્યા છે અને ટેસ્ટ કરાવનારા ધક્કા ખાઈ રહ્યા છે. ચિંતા તો એ વાતની છે કે, કોરોના ગ્રસ્ત દર્દીઓના સંપર્કમાં આવેલા તેમના સ્વજનો પણ ટેસ્ટથી વંચિત રહી જાય છે. પીએચસી પર કરાવેલા RT-PCRના રિપોર્ટ પાંચથી છ દિવસે આવે છે જિલ્લામાં હાલમાં RT-PCR ટેસ્ટ જ કરવામાં આવી રહ્યા છે. જેના રિપોર્ટ બેથી ત્રણ દિવસે આવે છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કક્ષાએથી RT-PCR ટેસ્ટ કરાવાય છે તેના રિપોર્ટ તો પાંચથી છ દિવસે આવે છે. રિપોર્ટ કરાવ્યા પછી પણ લોકો બિન્દાસ્ત ફરે છે. તેને કારણે સંક્રમણ પણ વધી રહ્યુ છે. સૌથી વધુ ગંભીર સ્થિતિ ગામડાઓમાં છે.

# દે.બારીઆના મોટીઝરી ગામે લાખો રૂપિયાના ખર્ચે નંખાયેલ પાણીની પાઈપલાઈન શોભાના ગાંઠીયા સમાન : છેલ્લા ત્રણ વર્ષથી આખી લાઈન બંધ

દે.બારીઆ,
દે.બારીઆ તાલુકાના મોટીઝરી ગામ ખાતે વર્ષો પહેલા એમએલએ જોગવાઈમાંથી રૂ.બે લાખના ખર્ચ કરી પીવાનુ પાડી પુરૂ પાડવા માટે પાણીની ટાંકી અને આખા ફળિયામાં પાઈપલાઈન બનાવી હતી. આ યોજના અંતર્ગત દે.બારીઆ ફળિયાના આશરે ૧૫ ઉપરાંત ઘરોમાં પાઈપલાઈન દ્વારા પાણી પહોંચાડવામાં આવતુ હતુ. જે તે વખતના ધારાસભ્ય અને હાલના રાજયમંત્રી ખાબડે ઘર ઘરે સુધી નળથી જળ આખા ફળિયામાં પહોંચાડ્યુ હતુ.પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી આ યોજના બંધ પડેલી હોય કોઈપણ ઘરે નળથી પાણી પહોંચતુ નથી. લાખો રૂપિયા ઉપરાંતના ખર્ચે બનાવેલી પીવાના પાણીની યોજનાનો કોઈ મતલબ રહ્યો નથી. ઢોર ઢાંખરને પીવાના પાણી માટે હવાડો પણ બનાવવામાં આવેલ છે પણ બોરમાં મોટર ફસાતા આખી યોજના ફેલ પડી છે. સરકાર દ્વારા ઘર ઘર નલ સે જલની હાલમાં યોજના અમલમાં મુકવામાં આવી છે ત્યારે બંધ પડેલી યોજનાનુ જરૂરી સમારકામ અથવા નવેસર બોર કરી ફરીથી જો શરૂ કરવામાં આવે તો સરકારને ઓછા ખર્ચમાં ગામડામાં પીવાનુ પાણી લોકોને ઘરે બેઠા મળી શકે. એક તરફ ઉનાળાની મોસમમાં પીવાના પાણી માટે લોકો ઘણી જગ્યાએ દુર દુર સુધી પાણી લેવા જતા હોય છે. ત્યાં પણ પાણી ભરવા માટે લાઈન પડતી હોય છે. પોતાના પશુધન માટે પણ પાણીની જરૂરિયાત પુરી કરવુ અઘરૂ પડતુ હોય છે.

# ઝાલોદ સરકારી હોસ્પિટલ કંપાઉન્ડ માંથી બાઈકની ચોરી

ઝાલોદ,
દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાંથી સરકારી હોસ્પિટલના કમ્પાઉન્ડમાંથી મોટરસાઈકલની ઉઠાંતરી થતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.
ઝાલોદ તાલુકાના ભાડાસીમળ ગામે રહેતાં સુભાષભાઈ રમસુભાઈ ડામોર ગત તા.૨૪મી એપ્રિલના રોજ ઝાલોદ નગરમાં આવેલ સરકારી હોસ્પિટલ ખાતે કોઈ કામ અર્થે આવ્યાં હતાં અને જયાં કમ્પાઉન્ડમાં પોતાની મોટરસાઈકલ લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમે પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી નાસી જતાં આ સંબંધે સુભાષભાઈ રમસુભાઈ ડામોરે ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# જકાત હદીસની રોશનીમાં

અલ્લાહતાલા (મુસલમાન પર) વસ્તુઓ ફજર ફરમાવી છે. જે શખ્સ (ચારે ફર્જ લાગુ થયેથી) તેમાના ત્રણ ફજર પર અદા કરે તો તે શખ્સને જ્યાં પણ લાભ થશે નહી જયાં સુધી તે ચારે ફજર અદા ન કરે તે આ પ્રમાણે છે. નમાજ રોઝા, જકાત અને હજ (ઈમામ અહમદી).
નમાજ પઢો અને જકાત આપો. જે શખ્સ જકાત નથી આપ તો તેની નમાજ કબુલ થતી નથી. (તિબ્રશની કબીર).
બે સ્ત્રીઓ હુજુરની ખિદમતમાં હાજર થઈ જેમના હાથમાં સોનાના કંગણ અથવા બંગડીઓ હતી. સાથે ફરમાવ્યું શું આ ઘરેણાની જકાત અદા કરો છો ? સ્ત્રીઓએ ના પાડી તો આપે ફરમાવ્યું શું તમો ઈચ્છો કે અલ્લાહતાલા તમને આગની બંગડીઓ પહેરાવે ? સ્ત્રીઓએ ફરી ના પાડી તો આપે ફરમાવ્યું તો પછી તેની (દાગીનાની) જકાત અદા કરો (તીર્મિઝી શરીફ).
જે કોઈ માનવીની જરૂરીયાત પૂરી કરશે અલ્લા પાક તેની જરૂરીયાત પુરી કરશે (બુખારી શરીફ, મુસ્લી શરીફ)
જો કોઈના દુઃખના અગર કષ્ટને દુર કરશે અલ્લાહ પાક તેના કયામતના દિવસના દુઃખ અને કષ્ટને દુર કરી દેશે (મિશ્કાત)
તમને અલ્લાહની મદદ અને રોજી (ગરીબ) નબળાઓના લીધે અને તેમની દુઆઓથી મળશે (તુખારી શરીફ, મુસ્લીમ શરીફ).
(બ.હવાલા તોહ-ફ-એ. રમજાન શરીફ પાન. નં.૧૬૮ થી ૧૬૯)

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

તા.૫/૫/૨૦૨૧ ચાંદ-૨૨ માહે રમઝાન
ખત્મે શહેરી ૪:૩૪ સવારે.
વકતે ઈફતાર ૭:૦૮ સાંજનો સુર્યાસ્ત.
આ ટાઈમ પંચમહાલ તથા દાહોદ જીલ્લાના પુરતો છે.

# દાહોદના ચાંદાવાડા ગામમાં સાત લગ્નો મુલતવી રખાયા, ગામમાં કોવિડ કેર સેન્ટર બનાવાયું



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
મારૂ ગામ, કોરોના મુક્ત ગામ અભિયાનનો પૂર્ણ પડઘો દાહોદ તાલુકા ચાંદાવાડા ગામમાં ઝીલાયો છે. માત્ર બે હજારની વસ્તી ધરાવતા ચાંદાવાડા ગામના લોકોએ કોરોના વાયરસ સામે સ્વયંશિસ્ત રાખીને લીધેલા કેટલાક નિર્ણયો જાણીને તમને આશ્ચર્ય થશે.
દાહોદ જિલ્લા પંચાયતના સભ્ય પરવતભાઈ ડામોર ચાંદાવાડા ગામમાં રહે છે. ગામને કોરોનાથી બચાવવા માટે તેમને ચાંદાવાડા સહિતના દસ ગામોનું નેતૃત્વ લીધું છે. તે કહે છે, અમારા ગામમાં આગામી દિવસોમાં સાત લગ્ન પ્રસંગો યોજાવાના હતા. કાળમુખા કોરોનાના વધતા જતાં સંક્રમણને ધ્યાને રાખીને પરિવારજનોને સમજાવી આ લગ્નો પાછા ઠેલવ્યા છે.
ગત્ત વર્ષે ના યોજી શકાનારા લગ્નો જ આ વખતે યોજવામાં આવ્યા છે, આ લગ્ન સમારોહમાં પણ રાજ્ય સરકારના નિયમોનું પૂર્ણ પાલન થાય એ બાબતની તકેદારી રાખવામાં આવી છે. પરિવારોજનોને કોરોનાની વિઘાતક અસરોની માહિતી આપી આ કાર્ય કરાવવામાં અમને સફળતા મળી છે.
અમે ગામમાં એવો નિયમ બનાવ્યો છે કે, બહાર ગામથી કોઈ વ્યક્તિ આવતી હોય તો તેમણે પોતાના ઘરે જ બેત્રણ દિવસ રહેવાનું. અમે પણ ગ્રામજનોએ બહારથી કોઈ વ્યક્તિને ગામમાં બોલાવવાની ના પાડી દીધી છે અને ગ્રામજનોને બહાર ગામની મુસાફરી ના કરવાની સમજ આપી છે. એનાથી ગ્રામજનો પણ બહાર જવાનું ટાળે છે.
ડામોર ઉમેરે છે કે, ગ્રામજનોમાં રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય એ માટે થઈ ગામમાં આરોગ્ય વિભાગ દ્વારા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવે છે. સેનિટાઈઝેશનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ગામમાં આરોગ્ય વિભાગનું પેટા આરોગ્ય કેન્દ્ર આવ્યું છે. તેના આરોગ્ય કર્મચારીઓ દ્વારા એક માસમાં પાંચેક વખત ગામના તમામ લોકોના આરોગ્યનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું. ૨૦ દિવસ પૂર્વે ગામમાં ચાર કોરોના દર્દી મળી આવ્યા હતા, પણ સમયસર સારવાર મળી જતાં આ તમામ સાજા થઈ ગયા છે.
ગામમાં હેલ્થ સ્ક્રિનિંગ દરમિયાન જો કોઈ શંકાસ્પદ દર્દી મળી આવે તો તેને આઈસોલેટ કરવા માટે પ્રાથમિક શાળામાં આઈસોલેશન સેન્ટર બનાવ્યું છે. એમાં ૨૦ પથારીની સુવિધા ઉભી કરી દેવામાં આવી છે. જિલ્લા પંચાયત દ્વારા અમને જરૂરી દવાનો જથ્થો પણ ફાળવી દેવામાં આવ્યો છે. મુખ્યમંત્રીએ મારૂ ગામ, કોરોના મુક્ત ગામ અભિયાન ઉપાડ્યું છે, અમે તેમાં અમારી નૈતિક જવાબદારી સમજીને જોડાયા છીએ. હવે, અમારા ગામના કોઈને કોરોનાનું સંક્રમણ ના થાય એની વિશેષ તકેદારી રાખવાના છીએ.
તે કહે છે, આદિવાસી વિસ્તારના લોકો કોરોના સામેની રસી લેવામાં પાછા પડી રહ્યા છે. આ લોકોને મારી અપીલ છે કે કોરોનાથી બચવા માટે આ રસી લેવી ખૂબ જ જરૂરી છે. કોરોનાની રસી પ્રત્યે લોકોની ગેરમાન્યતા દૂર થાય એ માટે અમે ચાંદાવાડા ગામમાં રસીકરણના બે કેમ્પ યોજ્યા છે. તેમાં ૧૫૦થી વધુ લોકોએ રસી મૂકાવી છે. કોઈને આડઅસર નથી. લોકોએ કોઈ ચિંતા કર્યા વિના રસી મૂકાવી જોઈએ.

# ધાનપુર ગામે પીકઅપમાં કત્તલના ઈરાદે લઈ જવાતા ૪ પશુઓ પોલીસે બચાવ્યા

ધાનપુર,
દાહોદ જિલ્લાના ધાનપુર ગામે એક પીકઅપ ગાડીમાં ક્રુરતા પુર્વક ૦૪ ભેંસોને કતલખાને લઈ જતાં હોવાની પોલીસને બાતમી મળતાં પોલીસે આ ગાડીનો પીછો કર્યો હતો અને પોલીસને જોઈ પીકઅપ ગાડીમાં સવાર ચાલક સહિત ત્રણ જણા નાસી જવામાં સફળ રહ્યાં હતાં ત્યારે પોલીસે ૧,૨૦,૦૦૦ની કિંમતની ચાર ભેંસો મળી પીકઅપ ગાડી મળી કુલ રૂા. ૫,૨૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.
ગત તા.૦૩ મેના રોજ પીકઅપ ગાડીનો ચાલક શોએબ ઈસુબ ચાંદા (મુસ્લીમ, રહેદેવગઢ બારીઆ, કાપડી) ગાડીમાં સવાર અયુબભાઈ ઈસુબભાઈ પટેલ (રહે.કાપડી, દેવગઢ બારીઆ) અને સબ્બીરભાઈ (રહે.ભાભરા, મદયપ્રદેશ) આ ત્રણેય જણા પીકઅપ ગાડીમાં ચાર જેટલી ભેંસોને ઢસોઢસ ભરી કતલખાને લઈ જતાં હતાં. ભેંસોને ગાડીમાં ન તો કોઈ ઘાસ, ચારો કે પાણીની સુવિધા પુરી ન પાડી ક્રુરતા પુર્વક બાંધી રાખી હતી. આ અંગેની બાતમી ધાનપુર પોલીસને મળતાં પોલીસે ધાનપુર નગરમાં વોચ ગોઠવી ઉભી હતી અને આ ગાડી ત્યાંથી પસાર થતાં તેનો પીછો કરતાં ઉપરોક્ત ત્રણેય જણાએ પોલીસને જોઈ ગાડી સ્થળ પર મુકી નાસી જતાં પોલીસે ગાડીમાંથી ચાર ભેંસો કિંમત રૂા.૧,૨૦,૦૦૦ અને ગાડીની કિંમત મળી કુલ રૂા.૫,૨૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી ત્રણેય જણા વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સંજેલી વિસ્તારમાં સસ્તા અનાજના દુકાન સંચાલકો દ્વારા લાભાર્થીઓના ફિંગરપ્રિન્ટથી કોરોના સંક્રમણ ફેલાવવાનો ભય વ્યકત કર્યો

સંજેલી,
સમગ્ર રાજયમાં કોરોનાની મહામારી ચાલી ચાલી છે ત્યારે સંજેલી વિસ્તારમાં સરકારી સસ્તા અનાજની દુકાનોના દુકાનદારોમાં ભય ફેલાઈ રહ્યો છે. જેમાં ૧૩,૨૦૦ જેટલા રેશનકાર્ડ ધારકો છે. અને સરકાર તરફથી મહિનાનુ અનાજ રેશનકાર્ડ દ્વારા ફાળવવામાં આવે છે. અને આ અનાજનો જથ્થો આપવા માટે દરેક લાભાર્થીએ ફિંગરપ્રિન્ટ આપવી ફરજીયાત છે. જેના કારણે લાભાથી તેમજ દુકાનદાર સંક્રમણમાં આવે છે અને આના કારણે સંક્રમણ ફેલાવવાનો ડર સતત સતાવ્યા કરે છે હાલની પરિસ્થિતિ જોતા સંજેલી તાલુકામાં આવેલ ૨૯ દુકાનદારો નથી એક દુકાનદારનુ કોરોનાના કારણે મોત થયુ છે. જ્યારે ત્રણ દુકાનદારોની તબિયત ગંભીર છે. જેથી કરીને સરકારી દ્વારા હાલના સમય પુરતી કોઈ ઔપચારિક વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેવી માંગ છે.

## સીંગવડ આરોડા ગામની પરણિતાની એકલતાનો લાભ લઈ બે ઈસમો છેડછાડ કરી પતિને મારમારતાં ફરિયાદ

દાહોદ,
સીંગવડ તાલુકાના આરોડા ગામે એક પરણિતાનો એકલતાનો લાભ લઈ બે જણાએ પરણિતાને પકડી પાડી શારિરીક છેડછાડ કરતાં મહિલાએ બુમાબુમ કરી મુકતાં તેનો પતિ દોડી આવ્યો હતો અને આ જોઈ અન્ય બે જણ ફોર વ્હીલર ગાડી લઈ આવ્યો હતો અને પતિને ત્રણેય જણાએ બેસાડી દુર લઈ જઈ ગડદાપાટ્ટુનો માર મારી સ્થળ પર છોડી મુકી નાસી જતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. સીંગવડ તાલુકાના પીપળીયા ગામે રહેતા સરદારભાઈ સબુરભાઈ બારીયા, શૈલેષભાઈ સબુરભાઈ બારીયા ગત તા.૦૨ મેના રોજ સીંગવડ તાલુકામાં રહેતી એક ૨૩ વર્ષીય પરણિતાના ઘરે આવ્યાં હતાં અને પરણિતાના એકલતાનો લાભ લઈ પરણિતાને બંન્ને જણાએ પકડી પાડી બળજબરી કરી તેણીની છેડછાડ કરતાં હતાં. આ દરમ્યાન પરણિતાએ બુમાબુમ કરી મુક્તાં પરણિતાનો પતિ દોડી આવ્યો હતો. આ દરમ્યાન જવસીંગભાઈ સબુરભાઈ બારીયા અને જામદરા ગામે રહેતો ફુલસીંગભાઈ કડવાભાઈ બારીયા બંન્ને જણા ફોર વ્હીલર ગાડી લઈ આવી ગયાં હતાં અને ચારેય જણાએ પરણિતાના પતિને પકડી પાડી ગાડીમાં નાંખી દઈ તેને થોડે દુર લઈ જઈ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી સ્થળ પર છોડી મુકી ચારેય જણા નાસી ગયાં હતાં. આ સંબંધે છેડછાડનો ભોગ બનેલ પરણિતાએ રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સંજેલીના બે ઈસમો એ સરપંચના રૂઆબ મારી પો.સ.ઈ. સાથે તકરાર કરતાં ફરિયાદ

સંજેલી,
દાહોદ જિલ્લાના સંજેલી નગરમાં ચકચારી બનાવ સામે આવ્યો છે જેમાં બે જણાએ સરપંચ હોવાનો રૂઆબ ઝાડી પોલીસ મથકના પોલીસ સબ ઈન્સ્પેક્ટર સાથે ફરિયાદ લેવા મામલે ઝઘડો તકરાર કરી પોલીસ સબ ઈન્સ્પેક્ટરનો કોલર પકડી માર મારતાં પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. આ સંબંધે ફરિયાદ દાખલ થતાં પોલીસે બંન્ને જણાની અટકાયત કરી જેલના સળીયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.
સંજેલી નગરમાં રહેતા ધર્મરાજકુમાર ચંપકલાલ રાઠોડ અને પ્રફુલભાઈ ચંપકલાલ રાઠોડ આ બંન્ને જણા ગત તા.૦૨ મેના રોજ સંજેલી પોલીસ મથકે આવ્યાં હતાં અને હાજર પોલીસ સબ ઈન્સ્પેક્ટર સાથે ઝઘડો તકરાર કરી કહેવા લાગેલ કે, તું પી.એસ.આઈ હોય તો તારા ઘરનો, હું ગામનો સરપંચ છું અને રાજકારણ સાથે સંકળાયેલ છું, મારા હાથ ઘણા લાંબા છે, તું મારી ફરિયાજ કેમ જાતેથી લેતો નથી, તેમ કહી બંન્ને એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને બેફામ ગાળો બોલી પોલીસ સબ ઈન્સ્પેક્ટરના શર્ટનો કોલર પકડી, શર્ટના બટન તોડી નાંખ્યાં હતાં અને હુમલો કરી માર માર્યો હતો. આ વિડીયો પોતાના મોબાઈલ ફોનમાં ઉતારી વાઈરલ કરી કરવાનું કહી વીડીયોગ્રાફી કરવાની કોશિશ કરતાં આ બંન્ને જણા પકડાઈ ગયાં હતાં.
આ સંબંધે સંજેલી પોલીસ દ્વારા ઉપરોકત બંન્ને જણાની અટકાયત કરી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સુખસરના મોટાનટવા ગામે ત્રણ મકાનોમાં આગ લાગતા ઘરવખરી, રોકડા દાગીના મળી લાખો રૂપિયાની ઘરવખરી બળીને ખાખ

સુખસર,
મોટાનટવા ગામે એક મકાનમાં લાગેલ આગે ત્રણ મકાનોને ઝપેટમાં લેતા ઘરવખરી, સામાન, રોકડ, દાગીના વગેરે બળીને ખાખ થઈ જતાં લાખો રૂપિયાનુ નુકસાન થયુ હતુ.
મોટાનટવા ખાતે પગી વિરાભાઈ ખેતીવાડીના મકાનમાં અકસ્માતે આગ લાગતા ઘઉં, ચણા, મકાઈ તથા રોકડા રૂ.૨૦,૦૦૦ સહિત મકાન સંપુર્ણ બળીને ખાખ થઈ ગયુ હતુ. જયારે તેમની બાજુમાં રહેતા તેમના પુત્ર દિનેશભાઈના મકાનને પણ આગે ઝપેટમાં લેતા તિજોરી સહિત ૭૦ હજારના રોકડા, દાગીના ઘરનો તમામ સામાન તેમજ અનાજ સહિત તમામ સામાન બળીને ખાખ થઈ ગયો હતો. જયારે અરવિંદભાઈ નાનજીભાઈના મકાનમાં પણ આગ લાગતા સોના-ચાંદીના દાગીના સહિત રોકડ રૂ.૧.૪૦ લાખ પણ આગમાં બળીને ખાખ થઈ ગયા હતા. ઘર વપરાશની તમામ ચીજવસ્તુઓ બળીને ખાખ થઈ જવા પામી હતી. આ આગ લાગતા ફાયર ફાઈટરને જાણ કરાતા પરંતુ ફાયર ફાઈટરો દોઢ કલાક બાદ આવતા ત્યાં સુધીમાઘર વપરાશની તમામ ચીજવસ્તુઓ તેમજ અનાજ, ઘરવખરી, સામાન, કપાડા તેમજ મકાનના પાટ, જોતરા, બારી-દરવાજા વગેરે પણ બળીને ખાખ થઈ જતાં ઘર માલિકોને લાખો રૂપિયાનુ નુકસાન થયુ હતુ. સદ્‌નસીબે કોઈ જાનહાનિ થવા પામેલ નથી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 214

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## પ્રભારી અને ગૃહરાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ

# કોરોનાની સ્થિત અંગે પંચમહાલ જિલ્લાની કામગીરીની સમીક્ષા કરી માર્ગદર્શન આપ્યુ



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

- મંત્રીએ કોવિડ હોસ્પિટલની મુલાકાત લઈ દર્દીઓના પરિવારજનોને સાંત્વના પાઠવી
- મારૂ ગામ કોરોના મુકત ગામને સાચા અર્થમાં ચરિતાર્થ કરી
- પરીણામલક્ષી બનાવવા આહવાન આપતા મંત્રી પ્રદિપસિંહ જાડેજા
- વેકસીનેશન જેટલુ વધશે, સંક્રમણ તેટલુ ઘટશે.

: મંત્રી પ્રદિપસિંહ જાડેજા :

ગોધરા, પ્રભારી અને ગૃહરાજયમંત્રી મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ આજે કોરોનાની સ્થિતિ તથા તેની કામગીરી અંગે પંચમહાલ જિલ્લાની કામગીરીની સમીક્ષા કરી હતી અને જરૂરી માર્ગદર્શન આપ્યુ હતું.

જિલ્લાના સાંસદ, ધારાસભ્યઓ, જિલ્લા પંચાયત સદસ્યઓ, નગરપાલિકાના પ્રમુખઓ અને પદાધિકારીઓ તથા તાલુકા પંચાયતના પદાધિકારીઓને અને જિલ્લાના અગ્રણી નાગરિકો, સેવાભાવી સંસ્થાઓના વડાઓ સાથે કોવિડ-૧૯ ની કામગીરી અંગે બેઠક યોજી હતી અને ગ્રામ્ય કક્ષાએ તથા જિલ્લા કક્ષાએ ઓકિસજન, રેમડેસિવિર ઈન્જેકશન, એમ્બ્યુલન્સ, સાફ સફાઈ, સિવિલ તથા સી.એચ.સી., પી.એચ.સી.ના સ્ટાફ, દવાઓ તથા બેડની સગવડ, ઓકિસજન કોવિડ-૧૯ના નિયમોનું પાલન અને આ સુવિધાઓમાં વધારો કરવા માટે શુ શુ કરવું જોઈએ તે અંગે ચર્ચા કરવામાં આવી હતી.

જિલ્લામાં કોવિડ-૧૯ના દર્દીઓની હાલતની સ્થિતિ, મરણ પામેલા દર્દીઓની ડેડ બોડીની નિકાલની વ્યવસ્થા, જિલ્લામાં સ્મશાન/કબ્રસ્તાનની પરિસ્થિતિની ચર્ચા, આરોગ્ય કેન્દ્રોમાં વેલટ્રેઈન્ડ સ્ટાફ અને ગ્રામ કક્ષામાં રસીકરણ સંપુર્ણ થાય તેની ઉપર ભાર મુકયો હતો.

પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, રાજયમાં સંક્રમણ ઘટે અને સંક્રમિત થયેલાઓને સારવાર ઉપલબ્ધ થાય તે માટે રાજય સરકાર પ્રતિબધ્ધ છે ગત તા.૧૫મી માર્ચના રોજ રાજયમાં ૩૧,૦૦૦ જેટલા બેડની ઉપલબ્ધતા હતી તે વધારીને આજે એક લાખથી વધુ અદ્યતન તબીબી સુવિધા સાથેની બેડની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, આજે ૧૧૫૦ મેટ્રીક ટન જેટલો ઓકિસજન રાજયની જનતા માટે ઉપલબ્ધ છે અને અંદાજે આજે અંદાજે સાત લાખથી વધુ લોકોને રેમડેસિવિર ઈન્જેકશન વિના મૂલ્યે આપી દર્દીઓને સારવાર કરવામાં સફળ રહયા છીએ.

આયુર્વેદીક દવાઓ અને હોમિયોપેથિક દવાઓ ઉપર પણ ભાર મુકી ઘેર ઘેર આરોગ્ય ટીમ દ્વારા તપાસ કરવા જણાવ્યુ હતું. ગ્રામ્યકક્ષાએ મારૂ ગામ કોરોના મુકત ગામ પર ભાર મુકીને દરેક નાગરિકના આરોગ્યની તપાસણી ઉપર ભાર, જરૂરીયાતવાળા નાગરિકોને અલગ તારવીને તેમને રહેવા જમવાની સુવિધા તથા દવાઓની વ્યવસ્થા કરવા જણાવાયુ હતું.

જિલ્લાના દરેક દવાખાનાઓમાં બેડની પરિસ્થિતિની જાણકારી માટે કંટ્રોલ રૂમ અને હેલ્પલાઈન નંબરની જાણકારી દરેકને મળી રહે તે જોવાનું જણાવ્યુ હતું. સિવિલ હોસ્પિટલમાં તથા અન્ય સ્થળે સીટી સ્કેન મશીનો, રેડિયોલોજીસ્ટ, પ્રાઈવેટ દવાખાનામાં ટ્રીટમેન્ટ અને દવાઓના ભાવોનું નિયંત્રણ કરવા જણાવ્યું હતું.

દવાઓના કાળા બજારની તપાસ અને દર્દીઓ ડુપ્લીકેટ દવાઓના કારણે પરેશાન ના થાય તે જોવા કલેકટરને અનુરોધ કર્યો હતો.

પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યુ હતું કે વેકસીન જેટલુ વધશે તેટલુ જ સંક્રમણ ઘટશે અને મનુષ્યનું જીવન અમૂલ્ય છે. આવશ્યકતા મુજબની બધી જ જરૂરિયાતોનું આયોજન રાજય સરકાર કરી રહી છે. કોઈ પણ જાતનો ડર રાખ્યા વગર કોરોનાને હરાવવાનો છે પરંતુ કોવિડ-૧૯ના નિયમોનું પણ ચુસ્તપણે પાલન કરવાનું છે.

પંચાયત મંત્રી જયદ્રથસિંહ પરમારે જણાવ્યું કે, મારૂ ગામ કોરોના મુકત ગામ અન્વયે ઘેર ઘેર આરોગ્યની તપાસ કરી ગામમાંથી કોરોનાને નાબુદ કરવા સરકારની સાથે ગ્રામજનોનો સાથ સહકાર પણ જરૂરી છે. તેઓએ જણાવ્યું છે કે જિલ્લાના આર.ટી.પી.સી.પી. ટેસ્ટની લેબ ચાલુ થઈ ગઈ છે. તેની ક્ષમતા પણ ધીમે ધીમે વધારવામાં આવશે.

આ પ્રસંગે જિલ્લા કલેકટર અમિત અરોરાએ જિલ્લામાં કોવિડની પરિસ્થિતિનુ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કર્યુ હતું. મંત્રીએ નર્સીંગ સ્કુલ તથા ગોવિંદ ગામ ખાતે ઉભા કરાયેલ કોવિડ કેર સેન્ટરની મુલાકાત લઈ દર્દીઓ સાથે વાત કરી તેઓને સાંત્વના પાઠવી હતી.

આ બેઠકમાં સાંસદ રતનસિંહ રાઠોડ, ધારાસભ્ય સર્વ સી.કે.રાઉલજી, નિમિષાબેન સુથાર, સુમનબેન, જિલ્લા પંચાયતના પ્રમુખ કામિનીબેન સોલંકી, રાજેશભાઈ પટેલ, અગ્રણીઓ, જિલ્લા પોલીસ અધિક્ષક, જિલ્લા સિવિલ સર્જન સહિત જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા-સાંપા રોડ ઉપર ગૃહ રાજયમંત્રીનો કાફલો પસાર થતાં દરમ્યાન બે બાઈકો વચ્ચે અકસ્માત



ગોધરાના સાંપા રોડ ઉપર થી ગૃહ રાજયમંત્રી કાફલો પસાર થઈ રહ્યો હતો. તે દરમ્યાન માર્ગ ઉપર બે બાઈક્રો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની ઘટનાને લઈ જીલ્લા કલેકટર સહિત ગૃહમંત્રીના કાફલામાં સામેલ પોલીસ ટીમે ગાડીઓ થોભાવીને અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ યુવકને પોલીસ જવાનોને ૧૦૮ જોયા વિના પોતાની ગાડીમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા. ગંભીર ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલીક સારવાર અર્થે ખસેડીને માનવતાનું ઉદાહરણ પુરું પાડવામાં આવ્યું.

# પંચમહાલ જીલ્લામાં આજરોજ ૯૪ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા




-જીલ્લામાં ગ્રામિણ વિસ્તારમાં ૮૫ જ્યારે શહેરી વિસ્તારમાં ૯ પોઝીટીવ કેસ નોંધાયા.
- ગ્રામિણ વિસ્તારોમાં કોરોના સંક્રમણ વધતાં આરોગ્ય તંત્ર ચિંતીત.

ગોધરા, પંચમહાલ જીલ્લામાં છેલ્લા બે દિવસ કોરોના દર્દીઓની સંખ્યા આરોગ્ય વિભાગના ડેઈલી રિપોર્ટ માં ઓછો જોવા મળતાં જીલ્લાવાસીઓએ રાહત આપે તેવા સમાચાર હતા પરંતુ મે મહિનાની ૪ તારીખે જીલ્લાના કોરોના પોઝીટીવ કેસમાં અધધ વધારો જોવા મળ્યો છે. જીલ્લા શહેરી વિસ્તારોમાં લોકડાઉન અને રાત્રી કરફ્યુને લઈ કોરોના સંક્રમણના કેસ ઘટવા પામ્યા છે. જેની સામે ગ્રામ્ય વિસ્તારોમાં ઝડપથી કોરોના સંક્રમણના દર્દીઓ વધી રહ્યા છે. આજરોજ જીલ્લામાં ૯૪ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. જેમાં શહેરી વિસ્તારમાં ૯ પોઝીટીવ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં ૮૫ જેટલા કોરોના પોઝીટીવ કેસ નોંધાયા છે. હાલ જે ગતિથી કોરોના સંક્રમણના દર્દીઓ વધી રહ્યા છે. તેમાં વધારો થશે તો ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણને અટકાવવા માટે આરોગ્ય તંત્રને ભારે મહેનત કરવી પડશે. આજરોજના જીલ્લામાં કોરોના સંક્રમણના કેસ ગ્રામ્ય વિસ્તારોમાં વધારો જોવા મળ્યો છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારોના લોકો કોરોનાની બીજી લહેરને ગંભીરતાથી લે અને માસ્ક તેમજ સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરીને પોતે તેમજ પરિવારને કોરોના સંક્રમણ થી બચાવી શકવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

પંચમહાલ જીલ્લો કોરોના મહામારીની બીજી લહેરની ઘાતક અસર જોવા મળી છે. માર્ચ મહિના થી કોરોનાની બીજી લહેર શરૂ થતાં મોટા પ્રમાણમાં લોકો કોરોના સંક્રમણનો ભોગ બન્યા હતા. તેમાં પણ કોરોનાની બીજી લહેરમાં બદલાયેલા સ્વરૂપ સાથે કોરોના ત્રાટકતા કોરોના સંક્રમિત દર્દીઓમાં મોટાભાગે ઓકસીજન લેવલ ઘટી જવાથી સમસ્યા જોવા મળી હતી. અને ઓકસીજન ઘટી જવાને લઈ અનેક દર્દીઓના મોત નિપજવા પામ્યા હતા. કોરોનાની બીજી લહેરમાં કોરોના સંક્રમણને લઈ દર્દીઓની મોતને લઈ લોકોમાં કોરોનાની બીજી લહેરની ઘાતક અસરથી લોકો જાગૃત કરવા આરોગ્ય વિભાગ દ્વારા માસ્ક પહેરવા, સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવા તેમજ કોરોના વેકસીન મુકાવવા માટટે લોકોને અપીલ કરવામાં આવી હતી. પંચમહાલ જીલ્લામાં હાલ લગ્નસરાની મોસમ ને લઈ લોકો દ્વારા સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવામાં ન આવ્યું તેમજ માસ્કનો ઉપયોગ ટાળી કોરોના ગાઈડ લાઈનનો ભંગ થતો જોવા મળ્યો હતો. બીજી તરફ શહેરી વિસ્તારોમાં બજારોમાં થતી ભીડ અને સોશ્યલ ડિસ્ટન્સના અભાવે સંક્રમણના કેસ બીજી લહેરમાં વધી ગયા હતા. જેને લઈ પંચમહાલ જીલ્લાના ગોધરા, શહેરા, હાલોલ, કાલોલ સહિતના નાના મોટા કસ્બા વિસ્તારોમાં વહીવટી તંત્ર અને વેપારીઓના સાથે મીટીંગ યોજી કોરોના સંક્રમણની ચેઈન તોડવા માટે આંશિક લોકડાઉનનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેના પરિણામ સ્વરૂપ પંચમહાલ જીલ્લામાં છેલ્લા બે દિવસ થી કોરોના સંક્રમણના કેસમાં ઘટાડો જોવા મળ્યો હતો પરંતુ આજરોજ પંચમહાલ જીલ્લામાં ૯૪ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. પંચમહાલ જીલ્લાના શહેરી વિસ્તારમાં આંશિક લોકડાઉનની અસર જોવા મળી રહી છે. શહેરી વિસ્તારમાં ૯ કોરોના કેસ નોંધાવા પામ્યા છે. જેમાં જીલ્લાના ઘોઘંબા તાલુકામાં ૩૭ અને કાલોલ તાલુકામાં ૨૪ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે.અને જીલ્લાના ગ્રામિણ વિસ્તારોમાં જે ગતિથી કોરોના સંક્રમણના કેસ વધી રહ્યા છે. તે ચિંતાનો વિષય બન્યો છે. હાલ ગ્રામ્ય વિસ્તારોમાં લગ્નસરાની મોસનને લઈ કોરોનાને ગંભીરતાથી લઈ રહ્યા નથી. કોરોના ગાઈડ લાઈનનું પાલન કરતાં જોવા મળતા નથી.

આજના આરોગ્ય વિભાગના ડેઈલી રિપોર્ટમાં કોરોના સંક્રમણના કેસ વધી રહ્યા છે. તે જોતાં આવનાર દિવસોમાં ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણ વધુ ન ફેલાય તે માટે ગ્રામ્ય વિસ્તારના લોકો કોરોના ગાઈડ લાઈનનું પાલન કરે તે જરૂરી છે. કોરોના સંક્રમણ થી બચવા માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરીને પોતે અને પરિવારને કોરોના સંક્રમણ થી બચાવી શકાય છે.

### પંચમહાલ જીલ્લામાં આજની કોરોના સ્થિતી

: શહેરી વિસ્તાર :
ગોધરા-૦૩
હાલોલ-૦૫
શહેરા-૦૧

: ગ્રામ્ય વિસ્તાર :
ગોધરા-૦૧
હાલોલ-૦૬
ઘોઘંબા-૩૭
જાંબુઘોડા-૦૭
કાલોલ-૨૪
મોરવા(હ)-૦૭
શહેરા-૦૩

આજના પોઝીટીવ કેસ - ૯૪
સાજા થતાં રજા - ૨૩
સક્રિય દર્દીઓ - ૭૪૮
મૃત્યુઆંક - ૦૦

# ગોધરા તાલુકાના વાંસીયા ગામના જંગલમાંથી ૩૦ વર્ષીય યુવાનનો ગળે ફાંસો ખાધેલ મૃતદેહ મળ્યો

ગોધરા, ગોધરા તાલુકાના વાંસીયા ગામે જંગલમાં કોતરની બાજુ આવેલ ઝાડ ઉપર ગળે ફાંસો ખાઈ ૩૦ વર્ષીય યુવાને અગમ્યકારણોસર આપઘાત કરી મોતને વ્હાલું કરતાં ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના સાંપા સેગવા ગામે તળાવ ફળીયામાં રહેતા અરવિંદ સરદારભાઈ નાયકા ઉ.વ.૩૦ એ કોઈ અગમ્યકારણોસર ઘરે થી નિકળી ગયા હતા અને વાંસીયા ગામ જંગલમાં કોતર પાસે આવેલ ઝાડની ડાળીએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરીને મોતને વ્હાલું કરી લેતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ઘોઘંબાના અંતરીયાળ વિસ્તારમાં બે છોકરીઓના ગળે ફાંસો ખાધેલ મૃતદેહ મળ્યા


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબાના લાલપુરી ગામની સીમમાંથી જે બે મામા-ફોઈની દિકરીઓના આપઘાત કરેલ હાલતમાં મૃતદેહ મળી આવ્યા છે. તેવી વર્ષા રાઠવા જે વિકલાંગ હતી. તેમ છતાં આ સ્થળે કેવી રીતે પહોંચી કયા કારણોસર આપઘાત કર્યો તે દિશામાં પોલીસ તપાસ શરૂ થઈ.

- લગ્ન પ્રસંગમાંથી પરિવારે કહ્યા વગર નિકળેલ બન્ને યુવતિઓના મૃતદેહ આપઘાત કરેલ હાલતમાં મળ્યા.
- મામા-ફોઈની છોકરીઓએ આપઘાત કર્યાની ઘટનાની પંથકમાં શોક.

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના અંતરીયાળ વિસ્તારમાં આવેલ લાલપુરી ગામ નજીક થી મામા-ફોઈની બે છોકરીઓના મૃતદેહ ગળે ફાંસો ખાધેલ હાલતમાં મળી આવ્યા. પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. બન્ને યુવતિઓના મૃતદેહનો કબ્જો લઈને પી.એમ.અર્થે આપઘાત મામલે તપાસનો દોર શરૂ કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના ઝીઝ ગામે રહેતી વર્ષાબેન રયજીભાઈ રાઠવા પોતાના ઘરેથી કંપનીમાં ફોર્મ ભરવાનું જણાવીને ૩૦ એપ્રિલના રોજ એરાલ ગામે રહેતા તેના ફોઈના ઘરે આવી હતી અને ફોઈના ઘરેથી સંબંધીના ઘરે લગ્ન પ્રસંગમાં રાત્રીના સમયે ગયા હતા. પ્રસંગ માંથી ફોઈની દિકરી સોનલ ઉર્ફે (પીનલ) અરવિંદભાઈ રાઠવા સાથે મામા-ફોઈની બન્ને છોકરીઓ રાત્રે ઘરે પરત નહિ ફરતા ઘર પરિવારના સભ્યો એ શોધખોળ શરૂ કરી હતી. તપાસ દરમ્યાન એરાલ કોતરની સામે છેડે આવેલ લાલપુરી ગામના અંતરીયાળ અવારૂ ઝાડીઓના વૃક્ષ ઉપર ગળે ફાંસો ખાધેલ હાલતમાં બન્ને છોકરીઓના મૃતદેહ મળી આવ્યા હતા. એરાલ ગામ થી આટલે દુર આવરૂ જગ્યાએથી બન્ને છોકરીઓના ગળે ફાંસો ખાધેલ હાલતમાં મૃતદેહ મળી આવતાં પોલીસ પણ વિચારતી થઈ છે. બન્ને મામા-ફોઈની દિકરીઓએ કયા કારણોસર આપઘાત કર્યો હોઈ શકે તે દિશામાં તપાસ હાથ ધરી છે.

# મુંબઈની હોસ્પિટલમાં ધૈર્યરાજને ૧૬ કરોડનું ઈન્જેકશન મુકવામાં આવશે



ગુજરાત સહિત દેશ-વિદેશમાંથી ધૈર્યરાજ માટે દાન મળ્યું હવે ત્રણ માસના ધૈર્યરાજ સ્વસ્થ થશે.

લુણાવાડા, મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના કાનેસર ગામના એક મદયમવર્ગીય પરિવારમાં જન્મેલો ત્રણ મહિનાનો ધૈર્યરાજ સિંહ સ્પાઈનલ મક્યુલર એટ્રોફી ફેક્ટ શીટ -૧ (એસએમએ -૧) નામની દુર્લભ બીમારીથી પીડાઈ રહ્યો છે . જેને બચાવવા માટે ૧૬ કરોડ રૂપિયાની કિંમતનું ઈજેકશન લગાવવું જરૂરી હતું. ત્યારે આજે મુંબઈની હોસ્પિટલમાં ધૈર્યરાજને દાખલ કરવામાં આવશે અને આવતીકાલે ૧૬ કરોડનું ઈન્જકશન મૂકવામાં આવશે.

એક મદયવર્ગીય પરિવાર પાસે આટલા પૈસા ક્યાંથી હોય, તેથી વૈર્યરાજના પિતા રાજદીપસિંહ રાઠોડે ધૈર્યરાજના નામે ઈમ્પષ્ટ ગુરૂ' નામની એનજીઓમાં ખાતું ખોલાવીને દાન માટે અપીલ કરવાનું નક્કી કર્યું હતું . આ રકમ ભેગી કરવા તેમણે સોશિયલ મીડિયાના માધ્યમથી દુનિયાભરના લોકો સમક્ષ દાન આપવાની ટહેલ નાખી હતી. જેમાં ૧૬ કરોડથી પણ વધુ દાન આવતા ઈજેકશન મંગાવ્યું હતું. આ રોગની સારવાર માટે રૂ.૧૬ કરોડનું એક ઈજેશન અમેરિકાથી આવી ગયું છે. આજે મુંબઈની હોસ્પિટલમાં પૈર્યરાજને દાખલ કરવામાં આવશે અને આવતીકાલે ૧૬ કરોડનું ઈજેકશન મૂકવામાં આવશે. ધૈર્યરાજનાં માતા-પિતાએ તેમના પુત્રને સાજો કરવા દાન આપનારા તમામ દાનવીરોનો હૃદયપૂર્વક આભાર માન્યો છે. તેમને ગુજરાત સહિત દેશ અને વિદેશમાંથી પણ દાન મળ્યું છે. આજે ધૈર્યરાજને સારવાર માટે મુંબઈની હોસ્પિટલમાં દાખલ કરાશે.